ચેતક કમાન્ડો, સીઆઈએસએફ, ક્વિક રિસ્પોન્સ ટીમ તથા જિલ્લા વહીવટી તંત્રની ટીમો દોડી:

રિલાયન્સ રિફાઈનરીમાં આતંકવાદી હૂમલો: આફતનો સામનો કરવા તંત્ર સંપૂર્ણ સજ્જ

રિલાયન્સના સહયોગથી એનએસજી સંકલિત રાષ્ટ્રીયકક્ષાની મોકડ્રીલમાં ચાર આતંકવાદીઓનો હૂમલો, દસને બંદી બનાવાયા, તેમાંથી નવને બચાવાયા, ચારેય આતંકવાદી ઠાર: બે કમાન્ડો શહીદ: લગભગ સાડાસાત કલાક ચાલી મોકડ્રીલ

જામનગર તા. ૨૫: જામનગરની રિલાયન્સ રિફાઈનરીમાં આતંકવાદી હૂમલો થતા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્રની ટીમોએ તેમજ ચેતક કમાન્ડો, સીઆઈએસએફ, ક્વિક રિસ્પોન્સ ટીમ જામનગર ધસી ગઈ હતી. આ રાષ્ટ્રીય કક્ષાની મોકડ્રીલમાં રિલાયન્સના સહયોગથી એનએસજી સંકલિત રાહત બચાવ કામગીરીનું સફળ પ્રદર્શન કર્યું હતું. મોકડ્રીલની સફળતા થકી જિલ્લા વહીવટી તંત્રએ ફરી એક વખત આપત્તિજનક પરિસ્થિતિનો સામનો કરવા માટે સંપૂર્ણ સજ્જ હોવાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

રિલાયન્સ રિફાઈનરીમાં તા. ૨૩ ફેબ્રુઆરીના સાંજે ૭:૪૦ કલાકે આતંકી હુમલો થયા અંગેની જાણ રિલાયન્સ રિફાઈનરી દ્વારા જામનગર જિલ્લા કંટ્રોલરૂમને કરવામાં આવી હતી. અને યુદ્ધના ધોરણે સમગ્ર જિલ્લા વહીવટી તંત્રના વિવિધ વિભાગોની ટીમ રિલાયન્સ આર.વી. ગેટ નજીક ઘટના સ્થળે પહોંચી હતી અને તાત્કાલિક રાહત-બચાવ કામગીરી હાથ ધરી હતી.

ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ, ફાયર, આરોગ્ય વિભાગની ટીમો, પોલીસ તંત્ર, ક્વીક રિસ્પોન્સ ટીમ સહિત ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમો દોડતી થઈ હતી. ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપી નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેમજ આજુબાજુના વિસ્તારમાંથી લોકોને નજીકના આશ્રય સ્થાનોમાં ખસેડવામાં આવ્યા હતા.

રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સુરક્ષા દળો, ચેતક કમાન્ડો, સીઆઈએસએફ, ક્વિક રિસ્પોન્સ ટીમ જામનગર, જિલ્લા વહીવટી તંત્ર અને વિશેષ કાઉન્ટર ટેરરિઝમ ટીમો દ્વારા સંકલિત કામગીરી કરવામાં આવી હતી અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. તથા શંકાસ્પદ તત્ત્વોની ઓળખ અને તપાસ કરવામાં આવી હતી.

અંતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સમગ્ર ઘટના રાષ્ટ્રીય કક્ષાની મોકડ્રીલ જાહેર કરવામાં આવતા સૌએ રાહતનો શ્વાસ લીધો હતો. ઉલ્લેખનીય છે કે એનએસજી દ્વારા પ્રથમ વખત જામનગરમાં આ પ્રકારે રાષ્ટ્રીય કક્ષાની ટેરરિઝમ એક્સરસાઈઝ યોજવામાં આવી હતી.

રિલાયન્સ રિફાઈનરીમાં ૪ આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. હુમલામાં ૧૦ પૈકી ૯ હોસ્ટેજિસને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા, એકનું મૃત્યુ નીપજ્યું હતું. આ ઓપરેશન દરમિયાન ચારેય આતંકવાદીઓના મોત નિપજ્યા હતા અને ૨ કમાન્ડો શહીદ થયા હતા. સાંજે ૭:૪૦ વાગ્યે શરૂ થયેલ આ મોકડ્રીલ રાત્રે ૩:૧૯ કલાકે પૂર્ણ થઈ હતી.

આ મોકડ્રીલનો મુખ્ય હેતુ આપત્તિ સમયે વિવિધ વિભાગો વચ્ચે સંકલન, ત્વરિત પ્રતિસાદ અને અસરકારક બચાવ કામગીરીનું મૂલ્યાંકન કરવાનો હતો. સમગ્ર કામગીરીમાં નેશનલ સિક્યુરિટી ગાર્ડની વિશેષ ટીમ દ્વારા વ્યુહાત્મક કામગીરીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અને સમગ્ર વિસ્તાર સંપૂર્ણ સુરક્ષિત જાહેર કરવામાં આવ્યો હતો.

આ મોકડ્રીલમાં પોલીસ, ફાયર બ્રિગેડ, ૧૦૮ એમ્બ્યુલન્સ, તબીબો, સબંધિત વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ એ સક્રિય ભાગ લીધો હતો. અને મોકડ્રીલ સફળ રીતે પૂર્ણ થઈ હતી.

નેશનલ સિક્યુરિટી ગાર્ડ દ્વારા જામનગર જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી સમગ્ર મોકડ્રીલ નું સંકલન તથા સંચાલન કરવામાં આવ્યું હતું. જિલ્લા વહીવટી તંત્ર જામનગર દ્વારા કલેક્ટર શ્રી કેતન ઠક્કરના માર્ગદર્શનથી તમામ કામગીરી ત્વરિત યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવી હતી. મોકડ્રીલ દરમિયાન સંકલિત તમામ વિભાગોએ ઉત્તમ સમન્વયનું દ્રષ્ટાંત પૂરું પાડ્યું હતું.

જિલ્લા કલેક્ટરશ્રી કેતન ઠક્કરના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક કંટ્રોલરૂમ મારફતે વિવિધ ટીમોને ચોક્કસ જવાબદારીઓ સોંપવામાં આવી હતી. તેમજ રાષ્ટ્રીય સ્તરની સુરક્ષા એજન્સી નેશનલ સિક્યુરિટી ગાર્ડએ પણ સફળ તાલીમનું પ્રદર્શન કર્યું હતું. સમગ્ર અભ્યાસ દ્વારા સંભવિત આપત્તિ સમયે અસરકારક પ્રતિસાદ માટેની તૈયારીઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. મોકડ્રીલની સફળતા થકી જિલ્લા વહીવટીતંત્રએ ફરી એક વખત આપત્તિજનક પરિસ્થિતિનો સામનો કરવા માટે સંપૂર્ણ સજ્જ હોવાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

જિલ્લા કાનૂની સેવા સતામંડળ અને જી.જી. હોસ્પિટલ દ્વારા

જામનગર જિલ્લા અદાલતના કર્મચારીઓ માટે મેડિકલ ચેક-અપ કેમ્પ: ૧૪૦ લાભાર્થી

જામનગર તા. ૨૫: ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, જામનગર દ્વારા આરોગ્યલક્ષી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ જજ શ્રી એન.આર. જોષીના માર્ગદર્શન હેઠળ અને ગુરુ ગોવિંદસિંગ સરકારી હોસ્પિટલના સહયોગથી શહેરના ધન્વન્તરિ ઓડિટોરિયમમાં કોર્ટ કર્મચારીઓ માટે વિશેષ 'મેડિકલ ચેક-અપ' યોજાયો હતો.

આ કેમ્પનો જામનગર ડિસ્ટ્રીક્ટ કોર્ટ અને તેના તાબા હેઠળની અદાલતોના આશરે ૧૪૦ જેટલા કર્મચારીઓએ લાભ લીધો હતો. આ કેમ્પ દરમિયાન તબીબી ટીમ દ્વારા કર્મચારીઓના બ્લડપ્રેશર, સુગર તેમજ અન્ય પ્રાથમિક સ્વાસ્થ્ય સંબંધી પરીક્ષણો કરજામા આવ્યા હતાં. આ સેવાકીય કાર્યમાં જી.જી. હોસ્પિટલના ૩ નિષ્ણાત મેડિકલ ઓફિસરો તથા નર્સીંગ સ્ટાફ સહિત કુલ ૯ સભ્યોની ટીમે તબીબી સેવાઓ પૂરી પાડી હતી.

હાલારના બન્ને જિલ્લામાં તા. ૨૬ થી ૨૮ ફેબ્રુ. સુધી

ગંગા સ્વરૂપા આર્થિક સહાયના લાભાર્થીઓ માટે આધાર લિંક્ડ આઈપીપીબી ખાતા ખોલવાનો મેગા કેમ્પ

જામનગર તા. ૨૫: ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભગના માર્ગદર્શન હેઠળ 'ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના'ના લાભાર્થીઓને મળતી સહાય સીધી જ તેમના ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક ખાતામાં જમા થાય તે હેતુથી વહીવટી તંત્ર દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રક્રિયા અંતર્ગત લાભાર્થીઓના પોસ્ટ ખાતાને આધાર કાર્ડ સાથે લિંક કરવાની કામગીરી તાત્કાલિક અને સમયબદ્ધ રીતે પૂર્ણ કરવા માટે જામનગર ડિવિઝન દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની દરેક પોસ્ટ ઓફિસમાં આગામી તા. ૨૬ થી ૨૮-૨-૨૦૨૬ સુધી વિશેષ મેગા કેમ્પ યોજાશે, જેમાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજનાના લાભાર્થીઓ માટે આધાર સાથે જોડાયેલા ખાતા ખોલવાની કામગીરી કરવામાં આવશે.

યોજનાની સહાય કોઈપણ અવરોધ વિના અને સીધી રીતે લાભાર્થીના ખાતામાં મળી રહે તે માટે આ ખાતું હોવું અનિવાર્ય છે. આથી જામનગર ડિવિઝનના અધિક્ષક ડાકઘર દ્વારા બન્ને જિલ્લાના તમામ સંબંધિત લાભાર્થીઓને આ ત્રણ દિવસીય મેગા કેમ્પનો અચૂક લાભ લેવા અને પોતાના ખાતા ખોલાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

વાડીનારમાં

આધારકાર્ડ માટે કોઈ સુવિધા જ નથી

વાડીનાર તા. ૨૫: વાડીનારમાં પોસ્ટ ઓફિસમાં આધારકાર્ડની કામગીરી ઘણાં સમયથી બંધ હોવાથી આધારકાર્ડ અંગે કોઈ અન્ય સુવિધા નથી આથી લોકોને ખંભાળીયા ધક્કા ખાવા પડે છે જેથી લોકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. આધારકાર્ડ કેન્દ્રની સુવિધા તાકિદે ચાલુ કરવા ઉગ્ર માંગણી ઉઠવા પામી છે.

જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક:

જનપ્રતિનિધિઓની રજૂઆતો તથા પ્રશ્નોને સમય મર્યાદામાં ઉકેલવા કલેકટર દ્વારા અધિકારીઓને સૂચન

જામનગર તા. ૨૫: જામનગર કલેક્ટર કચેરીના સભાખંડમાં જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ દ્વારા રજૂ કરાયેલા લોકપ્રશ્નો અને રજૂઆતોને ધ્યાને લઈ કલેકટરએ સંબંધિત અધિકારીઓને આયોજનબદ્ધ કામગીરી કરવા સૂચના આપી હતી. બેઠકમાં ધારાસભ્યના અગાઉના પડતર પ્રશ્નો અંગે સમીક્ષા ઉપરાંત વિવિધ વિભાગોને લગતા નવા પ્રશ્નો પર પણ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ધ્રોલ તાલુકાના વિસ્તારોમાં સીસી રોડ અને ગટરની સુવિધા, અલિયા રેલવે સ્ટેશનની સામેના વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ બાબતે વ્યવસ્થા કરવા, હર્ષદપુર ગામથી સ્ટેટ હાઈ-વે સુધીનો રસ્તો ડબલિંગ કરવા, ગોચરની જમીન અંગેના પ્રશ્નો, વાણીયાગામ અને ચંદ્રાંગા ગામને જમીનની માપણી અંગેની રજૂઆત, રોડ રસ્તા રિપેરીંગના કામો, વીજલાઈન ખસેડવા અંગે, નવુ વીજ કનેક્શન આપવા અંગે, નવી સોસાયટીઓમાં પીવાના પાણીની સુવિધા, પીવાના પાણીની પાઈપલાઈન રિપેર કરવા બાબતે તેમજ એસટી વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, આઈસીડીએસ વિભાગ, જાહેર આરોગ્ય અને બાંધકામ વિભાગ, ખાણ અને ખનિજ વિભાગને લગત પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. તથા ધારાસભ્ય સમક્ષ આવેલ લોકોની રજૂઆતોને પ્રાથમિકતા આપી સમય મર્યાદામાં કામો પૂર્ણ કરવા કલેક્ટરે લગત વિભાગના અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. કલેક્ટરએ લગત વિભાગના અધિકારીઓને જિલ્લામાં આવેલા જર્જરિત પૂલો અને રસ્તાઓનો સર્વે કરી માહિતી તૈયાર કરવા પણ સૂચના આપી હતી. આ ઉપરાંત સંકલન સમિતિના વિવિધ મુદ્દાઓ જેમાં કચેરીઓના પત્રવ્યવહાર, પેન્શન કેસો વગેરે મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર શારદા કાથડ, નાયબ મ્યુનિસિપલ કમિશનર ઝાલા, વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

બેટ દ્વારકામાં ભારે વાહનોના પસાર થવા પર પ્રતિબંધ ફરમાવાયો

ખંભાળીયા તા. ૨૫: આગામી હોળી-ધુળેટીના તહેવાર દરમ્યાન ગુજરાત રાજ્યના જુદા-જુદા જિલ્લાઓ તથા અન્ય રાજ્યોમાંથી પદયાત્રીઓ ચાલીને દ્વારકા મુકામે દર્શનાર્થે આવતા હોય છે, ત્યારે આ દરમ્યાન રસ્તા પરના ટ્રાફિકના કારણે કોઈ અકસ્માત ન સર્જાય તે માટે દેવભૂમિ દ્વારકા જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટને મળેલી સત્તાની રૂએ તા. ૨૬-૨-૨૬ના સવારના ૮ થી તા. ૫-૩-૨૬ના રાત્રિના ૮ સુધી બેટ દ્વારકા શહેરમાં સુદર્શન સેતુના ઓખા તરફ આવેલ છેડેથી શ્રી દ્વારકાધીશ મંદિર બેટ સુધી સરકારી એસ.ટી.બસ સિવાય ખાનગી બસો તથા ભારે તમામ વાહનો માટે પ્રતિબંધ ફરમાવેલ છે.

પશ્ચિમ રેલવે - રાજકોટ

જાહેર સૂચના

જાહેર સૂચના છે કે જામનગર-લાખાબાવળ સ્ટેશનો વચ્ચે નવી બનેલી ડાઉનમેઈન લાઈન અને અપ મેઈન લાઈનનું સલામતી નિરીક્ષણ તા. ૨૬.૦૨.૨૦૨૬ ના રોજ રેલવે સલામતી કમિશનર દ્વારા કરવામાં આવશે. તા. ૨૬.૦૨.૨૦૨૬ ના રોજ અપ અને ડાઉન બંને લાઈનો પર ૧૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ટ્રાયલ રન પણ કરવામાં આવશે. બધા સંબંધિતો અને સામાન્ય લોકોને રેલવે ટ્રેકથી દૂર રહેવા વિનંતી છે. **નોંધ: નિરીક્ષણ પછી આ બંને લાઈનો પર નિયમિત ટ્રેન સેવાઓ ૧૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે શરૂ થવાની ધારણા છે. રેલવે ટ્રેક ક્રોસ કરવો અથવા રેલવે ટ્રેકની નજીક અવરજવર કરવી જીવલેણ બની શકે છે.**

CPM 016

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

સિક્કામાંથી બાઈક ચોરાયું

જામનગર તા. ૨૫: જામનગર તાલુકાના સિક્કા ગામની ટીપીએસ કોલોનીમાં રહેતા મૂળ દ્વારકા જિલ્લાની નવીનગરીમાં રહેતા આનંદ ચંદ્રેશભાઈ ડોડીયા નામના આસામીએ ગઈ તા. ૧૯ ડિસેમ્બરના દિને ટીપીએસ કોલોનીમાં જીજે-૩૭-ઈ ૨૫૦૯ નંબરનું મોટરસાયકલ મૂક્યું હતું. ત્યાંથી તેની ઉઠાંતરી થઈ છે.

રક્તદાન કેમ્પ

જામનગર તા. ૨૫: બીએસવાયસી જામનગર ટીમ દ્વારા જામનગરમાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં લોકોને રક્તદાન કરી સેવાયજ્ઞમાં સહભાગી થવા અપીલ કરાઈ છે. બીમારીમાં લોહીની જરૂર હોય ત્યારે લોહી ન મળવાને કારણે પરેશાન ન થાય તે માટે બીએસવાયસીની ટીમ દ્વારા તા. ૨૭-૨-૨૬ના સવારે ૯ થી ૧ વાગ્યા સુધી સોરઠીયા લુહાર ગામ્ય મંડળ વાડી, વિક્ટોરીયા પુલ પાસે, જામનગરમાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તેમ કાર્તિકભાઈ સોલંકીએ જણાવ્યું છે.

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન
Indian Institute of Teacher Education
A State Public University Established by Government of Gujarat

National Common Entrance Test (NCET)
ધોરણ-૧૨ પછી સ્નાતક પ્રવેશ જાહેરાત-૨૦૨૬

NCTE માન્ય ચાર વર્ષીય ITEP પ્રોગ્રામ

પ્રોગ્રામ	વિષય	તબક્કો	બેઠક
બી.એસસી.-બી.એડ.	મેથેમેટિક્સ, ફીજીક્સ, કેમેસ્ટ્રી, બોટની	મિડલ	50
		સેકન્ડરી	50
બી.એ.-બી.એડ.	અંગ્રેજી, ગુજરાતી સંસ્કૃત	મિડલ	50
		સેકન્ડરી	50

ઓનલાઈન પ્રવેશ પરીક્ષા
NTA દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ NCET-નું આયોજન
રજીસ્ટ્રેશન તારીખ: 12-02-2026 to 10-03-2026
પરીક્ષા તારીખ: 17-04-2026 (સંભવિત)

ઓનલાઈન અરજી અને માહિતી પુસ્તિકા માટે www.exams.nta.nic.in/ncet/
REGISTER NOW

સરનામું: ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, રામકૃષ્ણ પરમહંસ વિદ્યા સંકુલ, મહાત્મા મંદિર પાસે, સેક્ટર-૧૫, ગાંધીનગર
પૂછપરછ માટે: વેબસાઈટ: www.iite.ac.in, ઈ-મેઈલ: admission2026@iite.ac.in, મોબાઈલ નં.: 99784 00697
માહિતી માટે: iitegandhinagar

માહિતી/૨૦૨૫-૨૬/૧૭૫૫

જાહેર નિવિદા નં. ૧૩, ૨૦૨૫-૨૬

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગુજરાત સરકાર

જિલ્લા અમલીકરણ સમિતિ, દેવભૂમિ દ્વારકા

વિષય: લોકભાગીદારીથી ભૂગર્ભ જળ રીચાર્જ યોજના (ખાનગી બોરવેલ/કૂવા) અંતર્ગત ઓનલાઈન અરજીની મુદત વધારવા બાબત

ગુજરાત સરકારના નર્મદા અને જળસંપત્તિ વિભાગ દ્વારા અમલી "ખાનગી બંધ ટ્યુબવેલ/કૂવાઓને લોકભાગીદારીથી ભૂગર્ભ જળ રીચાર્જ માટે ઉપયોગમાં લેવાની યોજના" (SOP મુજબ) અંતર્ગત ઓનલાઈન અરજીઓ મેળવવાની પ્રક્રિયા હાલમાં ચાલુ છે. વ્યાપક જનભાગીદારીના હેતુસર, રાજ્ય સરકાર દ્વારા ઓનલાઈન અરજી કરવાની સમયમર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે હવે અરજદારો આ યોજનાનો લાભ લેવા માટે તારીખ ૦૩-૦૩-૨૦૨૬ સુધી ઓનલાઈન પોર્ટલ: https://borewell-recharge.gujarat.gov.in પર અરજી કરી શકશે. લાભાર્થીઓને નિયત સમયમર્યાદામાં અરજી કરવા અનુરોધ કરવામાં આવે છે. યોજના અંગેની SOP અને આનુષંગિક નિયમો ઉક્ત પોર્ટલ પર જોવા મળશે.

નોડલ અધિકારી
જિલ્લા અમલીકરણ સમિતિ
દેવભૂમિ દ્વારકા

માહિતી-જામ.-વ.જા.ખ./૯૮૨/૨૦૨૬

ગુજરાત સરકાર - જળસંપત્તિ વિભાગ
"ઇ" પ્રોકયુરમેન્ટ ટેન્ડર નોટીસ નં.૧૭ સને ૨૦૨૫-૨૬

૧	કામનું નામ :- અજી-૪ લોવર સોમેશ્વરજી પ્રોજેક્ટ, (૧) પોલાણીય મશિનરીઝ ફોર ડેમ લાઇટોમેટી મુવે, કામગીરીના પ્લાન, મેકેનાઇઝેલ વર્કિંગ, એન્ડ સર્વે એન્ડ પ્રિપેરેશન ચેક ડીટેલ પ્લાન, પ્રપોઝલ ફોર લેન એક્વીઝીશન એન ગતીશક્તિ પોર્ટલ એસ પર "૫ સાઇટ ફ ફોર સેમ્પેરેશન એન્ડ ટ્રાન્સપરન્સી ઇન લેન્ડ એક્વીઝીશન, રીહેબીલીટેશન એન્ડ સેટલમેન્ટ એક્ટ-૨૦૧૩" ફોર લેન્ડ નીડસ ફ એક્સચર્ડ ઓફ અજી-૪ લોવર સોમેશ્વરજી પ્રોજેક્ટ. ઉંડ-૨ ઇરીગેશન સ્કીમ (૨) ફ કેરી આઉટ પરમીશીલીટી રેસ્ટ ઓફ પીયર્સ ઓફ ઉંડ-૨ ઇરીગેશન સ્કીમ.	
૨	અંદાજીત રકમ રૂ.	(૧) રૂ. ૪૮,૩૬,૬૦૦-૦૦ (૨) રૂ.૪૮,૬૬,૦૦૦-૦૦
૩	બીનાલાઇન ટેન્ડર પ્રસિધ્ધકરણની શેલ્લી તારીખ	તા.૧૧-૦૩-૨૦૨૬ - ૧૮.૦૦ કલાક સુધી(IST)
૪	લગત કા.ઇ.નું નામ, સરનામું, ફોન નંબર	કાર્યપાલક ઇજનેરશ્રી, ઉંડ જળસિંચન વિભાગ, જિલ્લા સેવા સદન-૪,પહેલો માળ,જામનગર-સમર્પણ હાઇવે, જામનગર-૩૬૧૦૦૧ - ૦૨૮૮-૨૫૩૨૦૮૮
૫	નોંધણી ઓફ એક્રડીટેશન :- કામ નં.૧ માટે :- ૧) પાવર ઓફ એટર્ની – એ પાવર ઓફ એટર્ની ડયુલી એક્ઝીકયુટેડ બાય એ નોટરી પબ્લીક,ઇન પાવર ઓફ ડીલેગેટેડ ફોર સાઇનીંગ ૫ બીડ પર્સન બાયર પેન એપ્લીકાન્ટ. ૨) બીડર મંજુર કેવ ડીક્લાઇમેલમાર લાયસન્સ સર્ટીફાયર બીલ ડીક્લાઇમેલમર – જામનગર પેકેજ (એપી મોલ બી મલ્ટીપલ ઓનલાઇન) ૩) લાઇસ લીગલ મર્ટીફીકેટ. ૪) કેરી આઉટ સર્વે વર્ક ઓફ સેન્ટીમેન્ટેશન સર્વે, બીલ મેટ્રીક સર્વે એન્ડ સીનીયર મેપર ઓફ વર્ક ઇન મેની ગર્વમેન્ટ ડિપાર્ટમેન્ટ / પીએસયુમેલ ઓફ સ્ટેટ નોટ લેસ પેન રૂ.૧૦.૫૦ લાખ લીયાન લાસ્ટ ૩૦ ફાઇનાન્સીયલ યર્સ. ૫) ૩-એ ઓફ વર્ક એક્સીપીરીયન્સ ઓફ સીનીયર ટાઇપ ઓફ વર્ક. કામ નં.૨ માટે :- કેરીડ આઉટ ટ્રીયલ કેરી એરેલ ડ્રીલીંગ વીથ ડાયમંડ ડ્રીલ મશીન (કોરડ્રીલીંગ કીટ) ઇન બોલ સાઇઝ ઓફ મેટ્રા ઇનકલુડીંગ પી.રેમાટ્રેક્ટર રેસ્ટ/પેસર રેસ્ટ ફોર ઇન્જેક્શીયન ઇન કોરડ્રીલીંગ મુકામ ઇન મેની ગર્વમેન્ટ ડિપાર્ટમેન્ટ/ પીએસયુમેલ.	
૬	વધુ વિગત માટે tender.nprocure.com વેબસાઇટ જોવા વિનંતી છે.	
૭	હવે પછી ફોર પણ મુખ્યરી ગરેલી ઓનલાઇન મુખ્યરી કરવામાં આવશે.	

નં. માહિતી/જામ/૯૭૮/૨૦૨૬

જાહેર નોટીસ

આથી સર્વે જાહેર જનતાને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, જામનગર જિલ્લાના, લાલપુર તાલુકાના મોજે લાલપુર ગામના ખાતા નં. ૧૨૦૪ થી નોંધાયેલ નવા રે.સ.નં. ૧૩૭૭ (જુના રે.સ.નં.૬૬૧/પૈકી-૧), જેનું ક્ષેત્રફળ જરાયત હેકટર: ૧-૪૯-૨૬ આરે ચો.મી. તથા પોત ખરાબો હેકટર: ૧-૦૧-૧૭ આરે ચો.મી. મળીને કુલ હેકટર: ૨-૫૦-૪૩ આરે ચો.મી. વાળી ખેતીની જમીન જેનો આકાર રૂા. ૨.૫૪ પૈસા છે. આ ખેતીની જમીન હાલના માલિક (૧) કુંભાર જેન્તીલાલ હરજી, (૨) કલાવંતીબેન અમૃતલાલ ગાધેર, (૩) હિનાબેન અમૃતલાલ ગાધેર, (૪) કરણભાઇ અમૃતલાલ ગાધેરની સંયુકત માલિકી અને કબજા ભોગવટાની આવેલ છે.

હાલના માલિકો પાસેથી સદરહુ ખેતીની જમીન પૈકીની વિઘા: ૮ અને ગુંઠા: ૧૨ જેટલી ખેતીની જમીન અમારા અસીલે ટાઇટલ કલીયર અને ખાલી કબજાની શરતે ખરીદ કરવા સોદો કરેલ છે અને અવેજ પેટે સુંથીની રકમ ચુકવેલ છે.

ઉપરોકત વેંચાણ વ્યવહાર અન્વયે કોઇપણ વ્યકિત, સંસ્થા કે બેંક કે કોઇને પણ કોઇપણ જાતનો વાંધો, તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયે દિવસ-૮ (આઠ)માં આધાર-પૂરાવા સાથે નીચે દર્શાવેલ સરનામે લેખિતમાં જાણ કરશો. જો નિયત સમયમર્યાદામાં કોઇ વાંધા-તકરાર ન મળ્યે કોઇને કોઇપણ જાતનો વાંધો-તકરાર નથી, અથવા તો છે તો તે વેઇવ કરેલ છે તેમ માની અમારા અસીલ પોતાના જોગનો રજી. વેંચાણ દસ્તાવેજની પ્રકિયા આગળ ધરશે અને ત્યારબાદ આવેલ કોઇપણ જાતનો વાંધો-તકરાર અમારા અસીલના હકક વિરૂદ્ધ માન્ય રહેશે નહીં, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ: જામનગર
તારીખ: ૨૫-૦૨-૨૦૨૬
તે અમારા અસીલની સૂચનાથી

:: અમારા મારફત ::
રમેશ એમ. ડાંગર - એડવોકેટ
૧૦૭, માધવ સ્કવેર, લીમડાલાઈન કોર્નર, ક્રિકેટ ગ્રાઉન્ડ સામે, જામનગર :: મો. ૯૬૦૧૬ ૧૦૬૮૮

જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનારાઓ ઓસમાણ ઈસ્માઈલભાઈ તથા ગુજ. મરીયમબેન ઈસ્માઈલભાઈ વા.ઓ. વલીમામદભાઈ સુમરાના સીધી લીટીના વારસદાર દરજ્જે લતીફભાઈ વલીમામદભાઈ સુમરા રહે. શંકર ટેકરી, જામનગરવાળા આથી આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી ગુજરાત રાજયના જામનગર જિલ્લાના જામનગર તાલુકાના, મોજે ગામ:- મસીતીયાના રે.સ.નં. ૫૮૩ (જુના રે.સ.નં. ૩૮૩) ખાતા નંબર: ૩૮૫ હે. આરે.ચો.મી.:૧-૫૯-૨૧ આકાર: ૫.૪૦ વાળી ખેતીની જગ્યા હાલ ફકીરમામદ ઈસ્માઈલભાઈના નામે ચાલે છે.

ઉપરોકત ખેતીની જમીન અમો ઓસમાણ ઈસ્માઈલના પિતાશ્રી તથા લતીફભાઈ વલીમામદભાઈ સુમરાના નાનાશ્રી ઈસ્માઈલ ગગા દેરાજની માલિકીની હતી જેઓ પાસેથી ફકીરમામદ ઈસ્માઈલભાઈએ આ જમીન અન્ય વારસદારોના હકક, હિત, હિસ્સા ડુબાડી અને છેતરપિંડીથી ભાયુભાગ અંગેની નોંધથી તેઓના પોતાના એકના નામે જ કરી લીધેલ છે અને હાલ આ જમીન ફકીરમામદ ઈસ્માઈલભાઈ વેંચાણ કરવાની પેરવી કરી રહ્યા છે જેથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે આ જમીનમાં અમારો વારસાઈ હકક આવેલ છે જે મેળવવા માટે અમો કાનુની કાર્યવાહી કરવાના છીએ જેથી આ ખેતીની જમીનમાં કોઈપણે કોઈપણ જાતના વેંચાણ કે અન્ય વ્યવહાર કરવા નહીં અને તેમ છતાં કરવામાં આવશે તો આવા કોઈપણ જાતના વ્યવહાર અમોને બંધનકર્તા રહેશે નહીં. જેની સર્વેએ નોંધ લેવી.

સહી/-
ઓસમાણ ઈસ્માઈલભાઈ
લતીફભાઈ વલીમામદભાઈ સુમરા

સ્થળ: જામનગર
તારીખ: ૨૫-૦૨-૨૦૨૬

:: અમારા મારફત ::
અશોક જી. રાઠોડ - એડવોકેટ એન્ડ નોટરી
નવી કોર્ટ બિલ્ડીંગ સામે, રણછોડી ચા પાસે, લાલ બંગલો, જામનગર :: મો. ૯૭૧૨૧ ૩૯૨૨૨